॥ શ્રી સહજાનંદાય નમઃ ॥

શ્રી ધર્મ ધુરંધર આચાર્ય

શ્રી પુરૂશોત્તમપ્ર-
સાદજીમહારાજ

ના વીરહનું વર્ણન.

રચનાર તથા છપાવી પ્રસીદ્ધ કરનાર
શ્રી પુરસોતમ મસાદજી કેશવમસાદજી માહા
રાજના આશ્રયથી ઉત્પન થયેલી શ્રી ઉદ્ધવ
મત ગાયન મંડળી.

શ્રી ઉદ્ધવમત ગાયન મંડળીએ શ્રી માળીયા
ના દરબાર શ્રી મોડજી સાહેબને આ લઘુ પુસ્તક
ભેટ કર્યું છે.

અમદાવાદ—ધી ચંદ્રપ્રકાશ પ્રેસમાં છાપી—ધીકાંટા.
સંવત ૧૯૫૮ સને ૧૯૦૧
કીંમત ૬ પાઈ

॥ શ્રી સ્વામીનારાયણનમ: ॥

દોહરો.

શ્રી સતસંગી સમસ્તના પુરણ જીવણ પ્રાંણ,
શ્રી પુરશોતમ પ્રસાદજી ભલા ધર્મ કુળ ભાંણ;

છપયછંદ.

ભકતી ધર્મના પુત્ર, પ્રગટ શ્રી હરી પ્રતાપી
તેણે શ્રી અવધ પ્રસાદજીને નીજ ગાદી આપી
શ્રી કેશવ પ્રસાદ, તેહ પદ પામ્યાં પ્રીતે
પછી પુરશોતમ પ્રસાદજીને સ્થાપ્યા નીજ રીતે
ઉત્તમ પદ શ્રી આચાર્યનું, પામી અમર કરી કીરતી
તે શ્રી પુરશોતમ પ્રસાદ વિણ, મુંઝાય હરીજનની મતી.

દોહરો.

શ્રી હરી સહજાનંદને વંદુ વારંમવાર
ગુરૂવર પુરશોતમ પ્રસાદનો વીરહ કરૂ ઉચ્ચાર

રાગ રાંમગ્રી

(ભુલી ભમે છે ભામની એ રાગ)

શ્રીજી અચાનક શું કર્યું, થાય ઉરમાં વિચાર
પુરશોતમપ્રસાદ વિના હવે, આંખે આંસુની ધાર ॥ શ્રીજી ॥
ઝુલમ થયો જગની વિષે, કાંતો કોપીયો કાળ;
અધટોત કરીને આ સમે, ઝાઝી પ્રગટાવી ઝાળ. ॥ શ્રીજી. ॥
શ્રીજી અતિશે સમર્થછો, દયા કેમ તજી દુર;
મુજ ગુરૂ પાસે તેડાવીને, અકળાવ્યું આ ઉર. ॥ શ્રીજી. ॥
ગુરૂ શ્રી પુરસોતમપ્રસાદજી, મહા ગુણુના નીધાન;
સંભારતાં બળે કાળજું, ભુલુ તન કેરૂ ભાંન. ॥ શ્રીજી ॥
સંવત ઓગણી છવીસ તણી, કારતક વદી છે યાદ;
દસમને ગુરૂવારે ધર્યો, જન્મ પુરસોતમપ્રસાદ. ॥ શ્રીજી ॥
બાળપણાથી બુધ્ધી ઘણી, ચીત્ત જેનુ ચતુર;
જોનાર જન તણા મનને, કરે અધીક આતુર. ॥ શ્રીજી ॥
વિદ્યા અધિક વદને વશી, દયા વશી દીલમાંય,
શાસ્ત્ર ગુરૂથી શીખ્યાં ઘણાં, ખામી રાખી ન કાંય. ॥ શ્રીજી ॥
શ્રી કેશવપ્રસાદને, વહાલા લાગ્યા એ બાળ;
પાસે રાખી પોતે પ્રેમથી, શીખવી વિદ્યા વિશાળ. ॥ શ્રીજી ॥
ઓગણી તેંતાળીની સાલમાં, આપી ગાદી અનૂપ;
તેજ વધ્યું અતિ તન વિષે, સોભે સુર્ય સ્વરૂપ. ॥ શ્રીજી ॥
સ્વાંમી કૃષ્ણુસ્વરૂપદાસજી, નીરગુણદાસ નીજ ધામ;
સેવી મોટા મોટા સદગુરૂ, થયા પુરણ કામ. ॥ શ્રીજી ॥
કવિ કુળ પંડીતના હતા, કલ્પ વૃક્ષ અમુલ્ય;
વિદ્યાવિનોદ ગમે સદા, અન્ય નહી [illegible] ॥ શ્રીજી ॥

આચાર્ય પદવીને છાજતા, ઉત્તમ ગુણના ભંડાર;
સાંભરે જ્યારે ગુરૂ મને, વહે આંસુ ચોધાર. ॥ શ્રીજી ॥
નમ્રપણુ નીતીપણું, જ્ઞાની ધ્યાની સુશીલ;
સંતમાં પ્યાર અપારને, દયાળુ જેવું દીલ. ॥ શ્રીજી ॥
ધરમી કે પરધરમી મળે, સદા કરતા સનમાન;
દેશ હીતારથ કામમાં, તાજુ જેહને તાન. ॥ શ્રીજી ॥
રાત્રી દીવસ કથા વારતા, કરી નીરગમ કાળ;
ગુણ સંભારી સહુ રડે, હરી જનને વૃદ્ધ બાળ. ॥ શ્રીજી ॥
પ્રતીમાઓ સ્થાપી પ્રેમથી, બાંધ્યા ધામ અનેક;
વીધિ સહીત વૃત પાળીયાં, વડો ધર્મ વિવેક. ॥ શ્રીજી ॥
નારાયણઘાટ બંધાવીયો, ખરચી દ્રવ્ય વિશેષ;
શુભ કામ કરવા તનમાં, હામ જેને હમેશ. ॥ શ્રીજી ॥
ગીરવાણ ગુજરી વાણીમાં, ઘણા રચાવ્યા ગ્રંથ;
પ્રથવીમાં પુસ્ટ કર્યો ઘણો, નીજ ઉધ્ધવ પથ. ॥ શ્રીજી ॥
શ્રીજી પ્રસાદી વસ્તુને, જાણે જીવન સમાન,
દરસન કરવા દાસને, મહીમા વદતઃ મહાન; ॥ શ્રીજી ॥
સત્ય કીરતીનાં કીરણ બધે, જેના પ્રસર્યો પ્રચંડ.
અમર કરી યશ સ્થાપીયો, અવનીમાં અખંડ; ॥ શ્રીજી ॥
સંવત ઓગણી પચાસમાં, દરવાજાનો દેખાવ.
ભિન ભીન રંગે ઓપાવીયો, માર્યા મોટેગ ઘાવ; ॥ શ્રીજી ॥
વાડીએ બંગલો બંધાવીયો, વીધ વીધ વૃક્ષ અપાર.
ગુરૂ વિનારે ગમે નહી, આંખે આંસુની ધાર; ॥ શ્રીજી ॥
શ્રી અમદાવાદ વિષે હવે, વરતાયો હાહાકાર.
જ્યાં જ્યાં ખબર મળી જેહને, થયા સહુ નીરાધાર, ॥ શ્રીજી ॥
સુનારે મંદીર સુના આળીયાં, રૂવે હરીજન સંત.
દેખી દેખીને સહુ રડે, દુખ પામ્યા અત્યંત; ॥ શ્રીજી ॥

સોરઠ કંઠ અને કચ્છના, ગુજરાતના જંન;
શોક વાપ્યો સર્વે સ્થળે, કરે અધીક રૂદન, ॥ શ્રીજી ॥
લાગે જયારે લાય શહેરમાં, તેને હોલવવા કાજ;
પોતાના માણસો મોકલે, મહારાજા ધીરાજ. ॥ શ્રીજી ॥
વય છે બત્રીસ વર્ષની, થયા જગથી ઉદાસ;
દીવસ પાંચ ઉપર કરી, ગયા શ્રીજીની પાસ. ॥ શ્રીજી ॥
કોમળ રદય કમળાબાતણા, કરે રૂદન અપાર;
અરર શ્રીજી તમે શું કર્યું, અંગે ઝરેરે અંગાર. ॥ શ્રીજી ॥
બાપુ ગયા મુતિ પરહરી, દીધી ના કોઇની વાર;
હાય હાયે હવે શું થશે, રહ્યો કંઇ ના આધાર. ॥ શ્રીજી ॥
ધરમ કુળ ગભરાઇને, કહે થવાં અચેત;
કોણ હવે પ્રતમા પાળસે, રાખી હૈયામાં હેત. ॥ શ્રીજી ॥
માળીયાના દરબાર મોડજી, થયા દીલમાં ઉદાસ;
ઝાડેજા વિભાજી ચરાડવા, નાખે ઉંડા નીસાસ. ॥ શ્રીજી ॥
ઉતેલીયાના કારભારી, મેઘાભાઇ મનમાંય,
જગતસીંગ ઉદાસમાં, રહે સુવર માંય. ॥ શ્રીજી ॥
વિરહ પુરશોતમ વિયોગથી, ધ્રુજે સહુના શરીર;
ઉધ્ધવ મંડળી હજુરની, ધરે કેમ કરી ધીર. ॥ શ્રીજી ॥

(શ્રી કમળાબાનો વિલાપ.)

(અચાનક આ શો કોપ કીધો કીરતાર. એ રાગ)

શ્રીજી અચાનક કોપ આતે શો કર્યો,
સતસંગનો સ્થંભ એકદંમ પર હર્યો. ॥ ૧
પુજ્ય પીતા ધર્મ તણા કયાં ગયા હરી,
કુમારીકા પુત્રી પીતા દુખણી કરી. ॥ ૨ ॥

લડાવશે લાડ કોણ દેશે હાવ ભાવ,
રૂદયમાં લાહય ભરદરીયે છોડયું નાવ. ॥ ૩ ॥
બાપુ ગુરૂબાળા નિજ પોકારી પડે;
સંભારી સંભારી નાનાં બાળુડાં રડે. ॥ ૪ ॥
દીશે સુન્ય મંદીરમાં કંઇ ના ભળાય;
બાપુ નામ તણો નાદ ઘટમાં ઘુંટાય. ॥ ૫ ॥
હાય આંખ્યમાંથી આંસુ પડેરે ચોધાર,
ગાય વિણુ જેમ વચ્છ રહે નીરાધાર. ॥ ૬ ॥
રૂદન સુણીને આવો બાપુ એક વાર,
ઉધ્ધવ મંડળી હવે કોનારે આધાર. ॥ ૭ ॥

ધરમ કુળનો વિયોગ.

રહી એકલી મેરી જાન કંથ વિણુ–એ રાગ.

દુખી દીવસ ને રાત પુરશોતમ વિના દુઃખી દીવસને રાત,
શું કહું વિયોગની વાત પુરશોતમ વિના દુઃખી દીવસને રાત. ટેક
શ્રીજી તમે આ શું કર્યુંરે બહુ નામી બળવંત
વિયોગ વન્હી વધારીને આપ્યું આ સમે કષ્ટ અનત પુરશોતમ.
કયાં કહીયે આ કસ્ટનેરે રદય ફાટી જાય
શ્રવણે પણ સુણી નવ સકુતે દ્રગે દેખ્યું કેમ જાય પુરશોતમ.
સુના મંદીર માળીયાંરે સુનો નારાયણ ઘાટ
સુના રહ્યા અમે ઝુરીયે સુના શેરી બજારને હાટ પુરશોતમ.
અમને નિરાધાર નાખીનેરે આપ ગયા પરલોક
સ્વપનામાં પણ સાંભરો કેમ કરી સુકાય આ સોક પુરસોતમ.
અબળાએ અન પાણી તજ્યાંરે, નર રહ્યા નીરાધાર
પોકારે ગુરૂને પ્રેમથી, આંખે આંસુ વહે ચોધાર પુરસોતમ.
સુંદરીયોના વિલાપથીરે, રદય ફાટી જાય

કેનું કઠણ હોય કાળજું, જે એ દુઃખ દેખી ખમાય પુરસોતમ.
પશુ પંખી ઝુર્યા કરેરે, ઝાડ ઝુરે ચહુ પાસ
ત્રાસ પુરસોતમપ્રસાદ વિયોગથી ઘોડા ચરે નહી ઘાસ પુરસોતમ.
સંવત ઓગણી અઠાવનેરે, કારતકે કોપીયો કાળ
નર નારી વધ બાળકાંને, ઝાઝી પ્રગટાવી ઝાળ પુરસોતમ.
ગાય તીરથ ગંગા તણુંરે, માહાત્મ ગયું કહે લોક
પાછું તેને શું લાવવાને, આપ ગયા પરલોક પુરસોતુમ.
અંતર થાંભી આ શું કર્યુંરે, આતો થયો પ્રલ્હાકાર
ગુરૂ સતસંગને થાંભલો તેથી, હતો ધીંગો આધાર પુરસોતમ
અંરર આભ તુટી પડયોરે, હવે સુજે નહી કાંય
રવ રવ દુખી થઇ રહ્યાં સહું, અંગે લાગે હાય લાય. પુરસોતમ
એવા આચારજ કયાં મળેરે, ફુટી ગયાં દગદીર
આવ્યું ધર્મ સંકટ શીર ઉપર, સોસાઇ ગયાંરે શરીર, પુરસોતમ
મુંગા બ્હેરાના મન મુંઝાયે, અપંગ રૂવે અપાર
અક્ષરપતિ ઉડી ગયા, તેથી વરતાયો હાંહાકાર પુરસોતમ
ધર્મ કુળ રૂદન કરેરે, રદય ફાટી જાય
અમને મુકી અહીં એકલા, કયાં ગયા ગુરૂ હાય હાય પુરસોતમ
આગળથી ગયા સંચરીરે, અરજ કરજો આમ
ઉધ્ધવમત મંડળીને સમીપમાં તેડાવી લ્યો તમે ઘનશામ પુરસોતમ

આચાર્ય શ્રી લક્ષ્મિ ગસાદ વચન.

સવૈયાછંદ.

ભાત તજી પરલોક ગયા લવલેશ દયા નહી ઉર અરેરે
ધારણુના કરનાર પ્રતી અહો આપ વિના દુખ કેમ પરેરે
ભાત વિયોગ કઠાર ભયંકર અંતર આરપાર કરેરે
આશુ વળી મુજ આંખમાંથી ધાર અપાર [illegible]

સમસ્ત સતસંગીનો વિલાપ.

(ઉદ્ધવજી સંદેશો કહેજો શામને એ રાગ)

શ્રી પુરશોતમ પ્રસાદ વિના દુખીયાં સહુ
સંત મહંતને અંતર શોક અપારજો
ધીરજ નિજ અંતરમાં શી રીતે ધરે
ગુરૂમાં જેને પ્રાણથી અધીકો પ્યારજો ટેક.
સુખ લીધા જેણે અગણીત સાથે રહી
જેણે સુણી વદન કમળની વાતજો
તે જનને રજની દીન ચેન પડે નહી
શોક તણો સાગર ઉભરાય અધાતજો શ્રી ૧
ભુજના સ્વામી અક્ષર જીવન દાસજી
મુળી નીવાશી હરી નારાયણદાસ જો
નીશકામાનંદ મનહર શ્રી મુળીતણા
મુંઝાયે રૂદીયામાં અપરંમપારજો. શ્રી ૨
સતસંગમાં શ્રીજી તે હવે શુ થશે
સાસ્ત્રી બાળમુકુંદ અધીક ઉદાસજો
ધોળકાવાશી સ્વાંમી નીરંજનાનંદજી
જેતલપુરના ભગવત ચરણદાસજો શ્રી ૩
શ્રીનગરના સ્વામી દેવ ચરણ દાસજી
મુરચ્છીત થઇ ગયા મુકુંનજીવનદાસજો
વલવલે સ્વામી વિજીયાનંદ અતી ઘણું
કોઠારી અમુલખ મન મુંઝાયજો શ્રી ૪
વીરહવડે વ્યાકુળ રજની દીવસ રહે
ચરચર દાઝે અંતર જેનું અત્યંત જો
સહુને પ્રીતી આચારજમાં હતી ઘણી
તેથી તલપે અંતર અપરંપારજો શ્રી ૫
શ્રીજી આ વેળાએ તમને શું ગમ્યું
દાખે એવા દીલગીરીના ઉદગારજો

શુણુ સંભારી રડતાં છેક રહે નહિ
ગાય વિના જેમ વચ્છ ઝુરે કરી સોરજો શ્રી ૬
મંદીર બાગ હવેલીને વળી બંગલા
ખરી રીતે તે જોતાં ખાવા ધાયજો
થોડા વયમાં અરે દૈવ આ શુ થયું
સહુના અંતર જોઇ એવું અકળાયજો શ્રી ૭
તાર થકી સમાચાર જે જે સ્થળે સાંભળ્યા
તરત પડી ત્યાં પેટડીવાગાં ફાળજો
ઉરમી સહુને દુખના ઉરમાં ઉછળ્યા
આવ્યાં અમદાવાદ વિષે તતકાળજો શ્રી ૮
અધીક અચેતન થયા સુતું જોઇ સ્થાનને
પ્રાણુ જવાથી દેહ અચેત ન થાયજો
ગદગદ કંઠે ગીરા અધીક શું ઉચરે શ્રી ૯
મનમાંતો મહા દુખથી અતી મુંઝાયજો
અરજ સુણીને આવો અક્ષર ધામથી
ધીરજ દેવા ભક્તી ધરમ સુત શ્યામજો
ઉધ્ધવમત મંડળીના દાતા છો સદા
રટે નીરંતર રસનાએ તવ નામજો શ્રી ૧૦

હરીજન બાઇઓના વિલાપ.

રાગ વેશાડી.

(સખી કારતક માસે કંથ પીયુ ગયા પરહરી એ રાગ)
સખી શ્રી પુરશોતમ પ્રસાદ વિનાં ગમતું નથી,
કહો દીવસ કેમ કરી જાય, કહું દુ:ખ શું કથી. એ ટેક.
સખી સુનો લાગે આ સંસાર, સહુ સુખ વિસરે,
જાતાં શ્રી પુરશોતમ પ્રસાદ, ખરર આંસુ ખરે. ૧
સખી પ્રથ્વી ઉપર ઉત્પાત, પ્રચંડ જણાય છે,
તેનું કારણ પણ હશે એહ, એવુ સમજાય છે. ૨
સખી કરમે વાળ્યો આડો આંક, વિજોગ [illegible],

છેલ્લા દરશન કરવાનો દીન, ફરીને ન આવીયો. ૩
સખી સાંભરે મધુરાં વેણુ, કાળજ કંપે અતી,
જોશુ નેહ ભરેલા નેણ, કરીને કયાં ગતિ ૪
સખી પ્રીતીતણું એ પાત્ર, વિધાતાએ ફોડીયું,
સખી કર્મે કઠણ જડ સાથ, જોરે કરો જોડીયું ૫
સખી દરસન કરીને આદીલ, અતી ઠરતું હતું.
હવે દીલ થયું દીનરાત, નીસાસા નાંખતું ૬
સખી સુખ દેનારા સ્થાન, હવે દુઃખ રૂપ થયાં;
પામો પરમગુરૂનો વિજોગ, જાય દુખ કેમ સહ્યાં. ૭
સખી રોઈ રોઇ રાતી આંખ, કરવી હવે નવ ઘટે;
સખી સુખ દુખ લખ્યું લલાટ, મટાડયું નવ મટે; ૮
સખી શ્રી હરીને ગમ્યું જેમ, રાજી રહો અંતરે;
કદી કરવી નહો કલ્પાંત, મુની એમ ઉચરે ૯
સખી આ જગ સર્વ અસત્ય, ને સત્ય જણાય છે;
સખી હરખ શોક નદીપુર, પ્રાણી સૌ તણાય છે; ૧૦
સખી દુખ રૂપ તજીને દેહ, ગયા અક્ષર વિશે;
સખી એતો અચલ પાંમ્યા સુખ, હરીને સમીપ હશે; ૧૧
તેડયા આગલ શ્રી ગુરૂરાજ, સંકેત એ સ્યામનો,
રાખી પાછળ લખવા લેખ, પુરશોતમના નામનો, ૧૨
ઉધ્ધવ મડળી સંભારીને શ્યામ, અંતે વહેલા આવજો,
સાથે ગુરૂ પુરશોતમ પ્રસાદ, પ્રભુ તેડી લાવજો. ૧૩

રાજને આશિર્વાદ.

વસંત તિલકાછંદ.

આલ્હાદકારી શુભ આચાર્ય નામ,
પામો પુરશોતમ તણી ગાદી સુ સૌખ્ય ધામ;
આયુષ્ય વૃદ્ધી સુખ સમૃદ્ધી અધિક પામો,
શ્રીજી સહાય થઇ કીર્તી અખંડ જામો. ૧
રાખો પ્રવીણ સુભ સદગુરૂનો પ્રસંગ,
પામો અખંડ નીજ અંગ વિષે ઉમંગ; ૨

આચાર્યને ઉચીત કામ તમામ માંહી,
ઉત્સાહ પામી બનજો સુભ ધર્મ ગ્રાહી, ૩
વિવેક ટેક ઉરમાંહી વિશેષ આવો,
કામાદી સત્રુદળને દુરથી હઠાવો; ૪
પાખંડ ખંડન કરો પ્રસરો પ્રતાપ,
પુરો મનોર્થ મનના શ્રીપતિ અમાપ; ૫

શ્રી સાધુ બ્રહ્મચારી પાળા તથા હરીજન સતસંગીનો આશીર્વાદ.

મોહન તારા મુખડાની માયા લાગીરે એ રાગ.

ગાદીનો દીવો ઘણું જીવો, ઘણું જીવોરે;
આચારજ થાઓ જેવા, ગુણુના ગંભીર તેવારે; એ ટેક
આચારજ પદ પામી, રહી નહી કંઇ ખાંમી
સાચા છે અક્ષર ધામીરે, ગાદીનો દીવો ઘણું જીવો(૨) ૧
મોટા મોટા મહા મુની, કરતા વેદના ધુની
વરણી રાજી થયા સુનીરે, ગાદીનો દીવો ઘણું જીવો(૨) ૨
સત સંગને સુખ આપો, જ્ઞાનનો મારગ સ્થાપો,
અજ્ઞાનના મુળ કાપોરે, ગાદીનો દીવો ઘણું જીવો(૨) ૩
પદારથ ચાર પામો, સતસંગના દુખ વામો
ઉદ્દવ મંડળી જામોરે, ગાદીનો દીવો ઘણું જીવો(૨) ૪

લી. સેવક મોદી મનસુખરામ હરજીવનના

જયશ્રી સ્વામી નારાયણુ વાંચશો.

સમાપ્ત.

જાહેર ખબર.

આ પુસ્તક તથા શ્રી ઉદ્ધવ સંપ્રદાયના ગાયનો તથા વીહારીલાલ વીઃ એ ત્રણે પુસ્તકો નીચેના શરનામેથી મળશે.

અમદાવાદ—પધડબંધ જેઠાલાલ નારાયણદાસ તથા મોદી. બહ ખીદાસ ધનજીને ત્યાંથી મળશે. ઠે. સ્વામીનારાયણના મંદીર પાસે.

પાલણપુર—મેહેતા હરીલાલ ડીકાભાઇ આ. મા. હાઇસ્કુલ.

શ્રી ઉદ્ધવ સંપ્રદાયના સર્વે હરી ભક્તોને વિદિત કરવામાં આવેછે જે અમે (અમદાવાદમાં) આપણા મંદીરની સામે મંદીરનાજ મકાનમાં આચાર્ય શ્રી પુરશોત્તમ પ્રસાદજી મહારાજના આશ્રયથી એક દેશી ઔષધાલય સ્થાપન થયેલછે તેમાં તમામ જાતની તદ્દન વનસ્પતિની શુધ્ધ અસરકારક દવાઓ તથા મહામત્રાઓ યોગ્ય કીંમતે મળે છે ઔષધે શુદ્ધ હોવાથી અત્રેના શાધુ, બ્રહ્મચારી તથા હરીભક્તો વગેરે સારો લાભ લેછે વળી આ ઔષધાલયમાં સરવે રોગોપર લાગુ પડતી દવાઓની પેટીઓ પાંચ પાંચ રૂપીએ મળેછે આ સબંધી વિશેષ હકીકત અડધા આનાની ટીકીટ મોકલનારને અમારા તરફથી 'ઔષધ મુક્ત દર્પણ' એ નામની ચોપડી મળવાથી માલુમ પડશે.

લી.

વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર.